ડુંગરી ફળિયામાં ભંગારના ગોડાઉનોમાં જ્વલનશીલ પદાર્થ, ડ્રમનો સામાન હોવાથી આગ વિકરાળ બની

# 25થી 30 ગોડાઉનમાં ભીષણ આગ

**એક** ગોડાઉનમાં આગ લાગતા તેની બાજુના અન્ય ભંગારના ગોડાઉનો ચપેટમાં આવી ગયા

**આગ** કાબૂમાં ન આવતા મેજર કોલ જાહેર કરાયો, 8 કલાકે આગ કાબૂમાં આવી



વાપી : વાપી નજીકના ડુંગરી ફળિયામાં મધ્ય રાત્રિએ ભંગારના એક ગોડાઉનમાં આગ લાગતા તેને લાગુ અન્ય ભંગારના ગોડાઉનો ચપેટમાં આવી ગયા હતાં. જોતજોતામાં આ વિસ્તારમાં આવેલા 25 થી 30 ભંગારના ગોડાઉનોમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. આગની જાણ તરત જ ફાયર વિભાગને કરવામાં આવી હતી અને કાબુ ન આવતા મેજર કોલ જાહેર કરાયો હતો. બનાવ સ્થળે વાપી ડુંગરા પોલીસ અને જીઈબી કર્મીઓ આવી પહોંચ્યા હતાં. આગમાં કોઈ અણબનાવ બન્યો ન હતો.

વાપી ફાયર વિભાગના સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, વાપી નજીકના ડુંગરી ફળિયામાં મસ્જીદની પાછળ મધ્ય રાત્રિએ દોઢેક વાગ્યાની આસપાસ ભંગારના એક ગોડાઉનમાં આગ લાગી હતી અને તેની બાજુમાં આવેલા અન્ય ભંગારના 25 થી 30 ગોડાઉનો આગની ચપેટમાં આવી ગયા હતાં. ભંગારના ગોડાઉનોમાં જ્વલનશીલ પદાર્થ અને ડ્રમો તથા પ્લાસ્ટિક વેસ્ટેજનો સામાન હોય આગ વધુ વિકરાળ બની હતી. ધૂમાડાના ગોટેગોટા દૂર-દૂર સુધી નજરે પડ્યા હતાં. આગ લાગતા જ ભંગારના ગોડાઉનવાળાઓ અને તેની આસપાસ વિસ્તારના ચાલીઓમાં ભાગદોડ મચી ગઈ હતી. આગની જાણ તરત જ ફાયર વિભાગને કરાતા વાપી જીઆઈડીસી નોટીફાઈડ યુનિટ-1-2 તથા વાપી મનપાની ફાયર ટીમ આવી પહોંચી હતી. જો કે, આગ વિકરાળ સ્વરૂપ ધારણ કરતા અને તેને કાબુ કરવો મુશ્કેલ બનતા મેજર કોલ જાહેર કરાયો હતો. ઘટના સ્થળે ઉમરગામ, સરીગામ, વલસાડ સહિત ખાનગી કંપનીઓની ફાયર ફાઈટરોની ટીમે આવી પાણીનો મારો ચલાવ્યો હતો. મધ્યરાત્રિથી દિવસ સુધી ફાયર ગાડીઓની દોડધામ ચાલી હતી. ભંગારના ગોડાઉનોમાં લાગેલી આગ આસપાસની ચાલીને પણ અસર કરી હતી. ચાલીઓમાં રહેનારાઓ આગથી બચવા માટે બહાર ખુલ્લા મેદાનમાં સુરક્ષિત પહોંચી ગયા હતાં. બનાવ સ્થળે વાપી ડુંગરા પોલીસ અને જીઈબીની ટીમ આવી પહોંચી વીજ લાઈન બંધ કરાવી હતી.

### સોમવારે બપોર સુધી કુલિંગની કામગીરી ચાલી

આગને કાબુમાં કરવા માટે ફાયર ફાઈટરોની ટીમને 8 કલાકથી વધુનો સમય લાગી ચૂકયો હતો અને સોમવારે બપોરના ત્રણ વાગ્યા સુધી ફાયર ટીમ દ્વારા કુલિંગની કામગીરી ચાલી રહી હતી. આગમાં ભંગારના ગોડાઉનો બળીને ખાખ થઈ ગયા હતાં. આગ કયા કારણોસર લાગી તે જાણી શકાયું નથી. અત્રે નોંધનીય છે કે, આગની મોટી ઘટના બનતી હોય છે ત્યારે તંત્ર સફાળું જાગે છે અને આ ભંગારના ગોડાઉન ગેરકાયદે હતા કે કેમ? તેની તપાસ કરશે અને ત્યારબાદ પોલીસ ટીમ દ્વારા ભંગારના ગોડાઉન સંચાલકો સામે કાયદાકીય પગલા ભરશે.

## દારૂ લઈ જતાં ટ્રક ચાલકના જામીન નામંજૂર

વાપી : સેલવાસથી પ્લાસ્ટિકના દાણા ભરેલી ટ્રકમાં દારૂનો જથ્થો લઈને નીકળેલા ટ્રક ચાલકને ડુંગરામાં ઝડપી પાડ્યો હતો. આ ટ્રક ચાલકે વાપીની કોર્ટમાં જામીન અરજી કરતા કોર્ટે નામંજૂર કરી હતી. ૧૮ જાન્યુઆરીએ સેલવાસથી વાપી તરફ આવી રહેલી ટ્રકને એલસીબીએ ઝડપી પાડી હતી. ટ્રકમાં પ્લાસ્ટિકના દાણીના આડમાં રૂપિયા ૨૪,૯૯,૬૦૦નો દારૂનો જથ્થો લઈ જવાતો પકડાયો હતો. ટ્રકની નંબર પ્લેટ પણ ખોટી લગાડવામાં આવી હતી. આ ટ્રકનો ચાલક મૂળ સુરેન્દ્રનગરના ચોરવીરા ગામનો રહેવાસી રોહિત ઉર્ફે કુકુ ભૂપતભાઈ માથાસુળીયાને ઝડપી લીધો હતો. આ કેસમાં રેગ્યુલર જામીન પર મુક્ત થવા માટે આરોપી રોહિત ઉર્ફે કુકુ માથાસુળીયાએ વાપીની કોર્ટમાં અરજી કરી હતી. વાપીની થર્ડ એડિશનલ ડિસ્ટ્રીક્ટ કોર્ટના જજ પુષ્પાબેન સૈનીએ એજીપી રાકેશ ચાંપાનેરીયાની દલીલોને ગ્રાહ્ય રાખી આરોપીની જામીન અરજી નામંજૂર કરી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### વલસાડના સદગૃહસ્થ અશોકભાઈનું દેહદાન



વલસાડ : મૂળ પુનાના અને વલસાડમાં નિવૃત જીવન વ્યતિત કરતા સેવાભાવી અશોકભાઈનું નિધન થતા એમની ઈચ્છા અનુસાર ઉમિયા સોશિયલ ટ્રસ્ટના સહયોગથી વાઘલધરા સ્થિત હોસ્પિટલને દેહદાન કરી સમાજને પ્રેરક સંદેશો પાઠવ્યો હતો. પુનાના કપડાના વેપારી નિવૃત લાઈફ વલસાડમાં જીવતા હતા. સેવાભાવી અશોકભાઈ અને એમના ધર્મપત્ની મંજુબેન જેમણે અગાઉ ઉમિયા સોશિયલ ટ્રસ્ટમાં દેહદાનનો સંકલ્પ લીધેલો અને હાલ ટૂંકી માંદગી પછી અશોકભાઈ ખત્રી (ઉ. 72)નું ગત તા. 29 માર્ચે હોસ્પિટલમાં મૃત્યુ પામ્યા હતાં. એમના દિકરા પ્રશાંતભાઈએ દેહદાન માટે એમના પાડોશી અશ્વિનભાઈને જણાવ્યું અને અશ્વિનભાઈએ સોશિયલ ટ્રસ્ટનો સંપર્ક કર્યો. ત્યારબાદ ઉમિયા સોશિયલની ટીમે આર.એન. સી. નો સંપર્ક કરી તેમના ડોક્ટર અને ટીમ દ્વારા આંખોનું દાન, વાઘલધરા આયુર્વેદિક આરએમડી હોસ્પિટલના ડોક્ટર યોગેશભાઈ સાથે સંર્પક કરી ડોક્ટર સ્વાતિબેને દેહ સ્વીકારી અને ત્યાંના વિદ્યાર્થીઓએ પ્રાર્થના કરી હતી.

### ધરમપુરમાં ધંધાદારીઓને કોમર્શિયલ ગેસ સિલિન્ડર ન મળતા રજીઆત




ધરમપુર : ધરમપુરના ત્રણ દરવાજા વિસ્તારમાં લારી ચલાવી ગુજરાન ચલાવતા નાના વેપારીઓને છેલ્લા કેટલાક સમયથી કોમર્શિયલ ગેસ સિલિન્ડર ન મળતા મુશ્કેલી ઉભી થઈ છે. આ પ્રશ્ને તાલુકા પંચાયતના સભ્ય કલ્પેશ પટેલે મામલતદારને લેખિત રજૂઆત કરી તંત્રના વલણ સામે રોષ ઠાલવ્યો હતો. ગયા શુક્રવારે તંત્ર દ્વારા વેપારીઓને કોમર્શિયલ સિલિન્ડર વગર ધંધો બંધ કરવા અથવા ચૂલા સળગાવવા જણાવવામાં આવ્યું હતું. રજૂઆતમાં જણાવાયું છે કે, એકતરફ સરકાર ગેસની અછત ન હોવાનો દાવો કરે છે, જ્યારે બીજી તરફ નાના ધંધાદારીઓને સિલિન્ડર મળતા નથી. ભીડભાડવાળા વિસ્તારમાં ચૂલા સળગાવવા શક્ય નથી. વેપારીઓએ માંગ કરી છે કે જ્યાં સુધી કોમર્શિયલ ગેસની પૂર્તતા ન થાય ત્યાં સુધી ઘરેલું સિલિન્ડર વાપરવાની છૂટ આપવામાં આવે અથવા બેરોજગારી ભથ્થું ચૂકવવામાં આવે, જેથી ગરીબ પરિવારોનું ગુજરાન ચાલી શકે.

### વાંસદાની નવયુગ ઇંગ્લિશ સ્કૂલમાં વાર્ષિકોત્સવની ઉજવણી




વાંસદા : નવયુગ ઇંગ્લિશ સ્કૂલ વાંસદા ખાતે ૨૬ મો વાર્ષિક મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે વાંસદાના શ્રીમંત મહારાજા સાહેબ શ્રી જયવીરેન્દ્રસિંહજી સોલંકી, ડો. લોચન શાસ્ત્રી - નવસારી જિલ્લા ભાજપ મહામંત્રી, રાકેશભાઈ શર્મા - વાંસદા તાલુકા ભાજપ ઉપપ્રમુખ અને ડો.જયદીપ ચૌધરી, રીનલ ગાંધી -વ્યારા રોટરી કલ્બ પ્રમુખ, રશ્મિ દલાલ આર્કિટેક્ટ, વાસ્તુ જાણકાર, પ્રોફેસર -સોભાન જૈન, નવયુગ ઇંગ્લિશ સ્કૂલના મેનેજિંગ ટ્રસ્ટી મીનેશ શાહ, ટ્રસ્ટી સંજય ભક્તા, સિધ્ધેશ ભટેવરા, સમર્થરાજ સોલંકી હાજર રહ્યા હતા. પ્રોગ્રામને સફળ બનાવવા માટે શાળાના આચાર્ય ચંદ્રકલા જે. ભટેવરા, શૈક્ષણિક સ્ટાફ, બિન શૈક્ષણિક સ્ટાફનો પૂરતો સહયોગ રહ્યો હતો. આ કાર્યકર્મમાં વાંસદા નગર સહિત આજુબાજુના ગામથી ખુબજ મોટી સંખ્યા લોકો હાજર રહ્યા હતા.

### ખેરગામમાં 4.58 કરોડના શાળા ભવનોનું લોકાર્પણ, ચીખલીમાં 3.13 કરોડના બ્રિજનું ખાતમુહૂર્ત



ખેરગામ : ખેરગામ તાલુકામાં મંત્રી નરેશ પટેલના હસ્તે કુલ 4.58 કરોડના ખર્ચે નિર્મિત ત્રણ પ્રાથમિક શાળાઓના નવા મકાનોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેમાં ખેરગામ કન્યા શાળામાં 1.79 કરોડના ખર્ચે 9 ઓરડા, ગૌરી પ્રાથમિક શાળામાં 1.79 કરોડના ખર્ચે 9 ઓરડા અને બહેજની કૃતિખડક શાળામાં 99.65 લાખના ખર્ચે 5 નવા ઓરડાઓનું નિર્માણ કરાયું છે. મંત્રીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, આ આધુનિક સુવિધાઓ આદિવાસી વિસ્તારના બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે પાયાનો પથ્થર સાબિત થશે. ચીખલી તાલુકાના ચરી ગામે ચરી પ્રાથમિક શાળાથી ગોરગામ માર્ગ પર 3.13 કરોડના ખર્ચે નવા માઇનોર બ્રિજનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. 12 મીટરના 4 ગાળા ધરાવતો આ બ્રિજ તૈયાર થવાથી ચોમાસા દરમિયાન સ્થાનિકોને પડતી હાલાકી દૂર થશે અને સુરક્ષિત અવરજવર શક્ય બનશે. રસ્તા અને પુલોના નિર્માણથી ગ્રામ્ય વિસ્તારોનો આર્થિક અને સામાજિક વિકાસ વધુ વેગવંતો બનશે તેમ મંત્રીએ ઉમેર્યું હતું. આ કાર્યક્રમોમાં ખેરગામ ભાજપ પ્રમુખ લિતેશ ગાવિત, ચીખલી ભાજપ પ્રમુખ મયંક પટેલ, મહામંત્રીઓ, તાલુકા વિકાસ અધિકારી (TDO), મામલતદાર અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. આ વિકાસકાર્યોને પગલે સમગ્ર પંથકમાં આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

મોગરાવાડી રેલવે અન્ડરપાસનો મુદ્દો ગંભીર વળાંકે

# મોગરાવાડીનું અન્ડરપાસ પરીક્ષા ટાણે જ બંધથી હાલાકી

**પાલિકા** ઉપપ્રમુખ દ્વારા પેવર બ્લોક ઉખેડી નાખવાના આક્ષેપો અને પોલીસ ફરિયાદ વચ્ચે, ફરીથી કામગીરી શરૂ, વિદ્યાર્થીઓને લાંબો ફેરો

**સ્થાનિકોનો** શહેર સાથેનો સીધો સંપર્ક કપાઈ જતાં રિક્ષાચાલકો વધુ ભાડું વસૂલી રહ્યાની ફરિયાદ




વલસાડ : શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી ચર્ચાનું કેન્દ્ર બનેલો મોગરાવાડી રેલવે અન્ડરપાસનો મુદ્દો હવે ગંભીર વળાંક લઈ રહ્યો છે. પાલિકા ઉપપ્રમુખે પેવર બ્લોક ઉખેડી નાખ્યાના આક્ષેપો અને પોલીસ ફરિયાદ વચ્ચે, તંત્ર દ્વારા ફરીથી કામગીરી શરૂ કરવા અન્ડરપાસ બંધ કરી દેવાતા સ્થાનિકોની મુશ્કેલીમાં મોટો વધારો થયો છે.

ચિંતાજનક બાબત એ છે કે હાલમાં પરીક્ષાઓ ચાલી રહી છે. મોગરાવાડી અને તેની આસપાસના વિસ્તારોમાંથી સેંકડો વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા માટે શહેરના વિવિધ કેન્દ્રો પર જાય છે. અન્ડરપાસ બંધ હોવાને કારણે વિદ્યાર્થીઓને લાંબો ફેરો ખાવો પડી રહ્યો છે.

ટ્રાફિક જામની સમસ્યાને કારણે પરીક્ષા કેન્દ્ર પર સમયસર પહોંચવામાં વિલંબ થવાનો ડર સતાવી રહ્યો છે. સ્થાનિકોનો શહેર સાથેનો સીધો સંપર્ક કપાઈ જતાં રિક્ષાચાલકો પણ વધુ ભાડું વસૂલી રહ્યા હોવાની ફરિયાદો ઉઠી છે.

યુથ કોંગ્રેસના પ્રમુખ મિત દેસાઈએ પાલિકા ઉપપ્રમુખ આશુતોષ મિશ્રા સામે રૂપિયા 4.5 લાખના નુકસાન અને જનતાને હેરાન કરવા બદલ અનેક સ્તરે ફરિયાદ કરી હતી. એક તરફ સત્તાધારી પક્ષના હોદ્દેદારો સામે આક્ષેપો થઈ રહ્યા છે, તો બીજી તરફ સામાન્ય જનતા રસ્તાના અભાવે ખાડાઓ અને ધૂળની ડમરીઓ વચ્ચે પીસાઈ રહી છે.

અગાઉ જ્યારે બ્લોક ઉખેડી નખાયા ત્યારે સ્થાનિકોએ જાતે જ ખાડા પૂરવાનું કામ કર્યું હતું, જે પાલિકાની નિષ્ફળતા છતી કરે છે.

# વાપીના મોરારજી દેસાઈ કોમ્પ્લેક્સમાં નવું જનસેવા કેન્દ્ર શરૂ

**મનપા** નગરજનોને વધુ સારી, સુલભ અને સમયબદ્ધ સેવાઓ પૂરી પાડવા પ્રયત્નશીલ



વાપી : વાપી મહાનગરપાલિકા દ્વારા નગરજનોને વધુ સારી, સુલભ અને સમયબદ્ધ નાગરિક સેવાઓ પૂરી પાડવા માટે સતત પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. નગરજનોને તેમની દૈનિક કચેરીય કામગીરી માટે વિવિધ વિભાગોની મુલાકાત લેતી વખતે પડતી તકલીફોને દૂર કરવા તથા એક જ સ્થળે બહોળી સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે વાપી મોરારજી દેસાઈ કોમ્પ્લેક્સમાં નવું આધુનિક જનસેવા કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે.

મ્યુનિસિપલ કમિશનરની પ્રેરણાથી અને નાયબ મ્યુનિસિપલ કમિશનર તથા સિટી ઈજનેરના માર્ગદર્શનથી આજરોજ જનસેવા કેન્દ્રને વિધિવત રીતે કાર્યરત કરવામાં આવ્યું છે.

રાજ્ય સરકાર નગરજનોને વધુ પારદર્શક, ઝડપી અને અસરકારક સેવાઓ આપવા માટે પ્રતિબદ્ધ છે અને આવા જનસેવા કેન્દ્રો તે દિશામાં મહત્વપૂર્ણ પગલું છે.

નવું જનસેવા કેન્દ્ર સંપૂર્ણ રીતે એર કન્ડિશન્ડ બનાવવામાં આવ્યું છે. જેમાં નગરજનો માટે આરામદાયક અને સુવ્યવસ્થિત બેસવાની વ્યવસ્થા, સ્વચ્છતા, પીવાના પાણીની સુવિધા તેમજ સુગમ પાર્કિંગની વ્યવસ્થા ઉપલબ્ધ કરવામાં આવી છે. કેન્દ્રમાં સુવ્યવસ્થિત કાઉન્ટર સિસ્ટમ તથા માર્ગદર્શન માટે હેલ્પ ડેસ્કની સુવિધા પણ રાખવામાં આવી છે, જેથી નાગરિકોને તેમની કામગીરી સરળતાથી પૂર્ણ કરી શકાય.

### જનસેવા કેન્દ્રમાં આ સેવાઓ એક જ છત નીચે ઉપલબ્ધ

ઇનવર્ડ અને આઉટવર્ડ વિભાગ, જન્મ, મરણ તથા લગ્ન નોંધણી વિભાગ, ઘરવેરા વિભાગ, આરોગ્ય વિભાગ, પાણી પુરવઠા વિભાગ અને ડ્રેનેજ વિભાગ

### નગરજનોને અનેક સુવિધા મળશે

આ કેન્દ્ર દ્વારા નગરજનોને ઝડપથી અરજી કરવાની, દસ્તાવેજો જમા કરાવવાની અને જરૂરી પ્રમાણપત્રો મેળવવાની સુવિધા મળશે, જેના કારણે સમય અને મહેનત બંનેમાં બચત થશે. આ જનસેવા કેન્દ્ર નગરજનોને સરળ, પારદર્શક અને અસરકારક શાસનનો અનુભવ કરાવશે અને વાપી મહાનગરપાલિકાના જન સુવિધા સૌના દ્વાર સુધીના ધ્યેયને વધુ મજબૂત બનાવશે.

## સંક્ષિપ્ત સમાચાર

### ગણદેવી સુગર ફેક્ટરીમાં વર્તમાન પિલાણ સિઝન પૂર્ણ થઈ



બીલીમોરા : ગણદેવી સુગર ફેક્ટરીમાં શુક્રવારે વર્તમાન પિલાણ સિઝન પૂર્ણ થઈ હતી. વર્ષ ૨૦૨૫-૨૬ ની સિઝનમાં ૭,૦૧,૬૮૫ મે. ટન શેરડીનું પિલાણ કરી ૮,૧૫,૨૦૦ ગુણી ખાંડ ઉત્પાદન કરી, ૧૧.૬૩ ટકા રીકવરી પ્રાપ્ત કરી હતી. ચોમાસાની ઋતુમાં પાછોતરા વરસાદને પગલે ગણદેવી સુગર ફેક્ટરીમાં બોઇલર પ્રજ્વલન બાદ પિલાણ સિઝનમાં વિલંબ સર્જાયો હતો. જે બાદ સુગર ફેક્ટરીનાં ડિરેક્ટર્સ, વહીવટી તંત્ર અને કામદારોએ દિવસ રાત એક કરી ૧૩૮ દિવસમાં લક્ષ્યાંક પાર પાડ્યો હતો. જે દરમ્યાન કુલ ૭,૦૧,૬૮૫ મે. ટન શેરડીનું પિલાણ કરી ૮,૧૫,૨૦૦ ગુણી ખાંડ ઉત્પાદન કરી, ૧૧.૬૩ ટકા રીકવરી પ્રાપ્ત કરી હતી.

### દેગામની ક્વોરીના પ્લાન્ટમાં સફાઈ કરવા ગયેલા શ્રમજીવી ઉપર કપચી પડતા મોત

ઘેજ : ચીખલીના દેગામ ગામે ક્વોરીના પ્લાન્ટમાં સાફ સફાઈ કરવા ગયેલા શ્રમજીવી ઉપર જીએસબી પડતા દબાઈ જતા સારવાર પૂર્વે જ મોત નીપજ્યું હતું. દેગામની ક્વોરીમાં કામ કરતા રાકેશ કુલસિંગ માર્કો (ઉ.૨૫ હાલ રહે. દેગામ ક્વોરીના રૂમમાં મૂળ રહે. મધ્યપ્રદેશ) સોમવારની સવારના સમયે ક્વોરીના ડબ્લ્યુએમએમ પ્લાન્ટના બીનમાં અંદર સાફ સફાઈ કરી રહ્યો હતો. દરમ્યાન એક લોડર ટ્રક નં જીજે-૨૧-ઓક્યુ-૧૦૮૬ નો ચાલક પંકજ ગોપાલભાઇ શોકીયાના ટ્રકમાં જીએસબી કપચી ભરી ડબ્લ્યુએમએમ પ્લાન્ટના બીનમાં જીએસબી કપચી ખાલી કરતા સાફ સફાઈ કરી રહેલા રાકેશ માર્કો ઉપર પડતા અંદર દબાઇ ગયો હતો. પરંતુ તે વખતે લોડર ચાલક કે અન્ય વર્કરોને ધ્યાને આવ્યું ન હતું. થોડા સમય બાદ રાકેશ માર્કોની શોધખોળ કરતા ડબ્લ્યુએમએમ બીનની બહાર ચપ્પલ મળી આવ્યા બાદ બીનમાં તપાસ કરતા અંદર જીએસબી કપચી નીચે દબાઈ ગયેલો હોય જેને બહાર કાઢી ૧૦૮ મારફતે ચીખલીની રેફરલ હોસ્પિટલમાં ખસેડાતા ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતો.

# ખેરગામને 'સ્માર્ટ ટાઉન' બનાવવાનો સંકલ્પ, 'Modeco' કમિટીની રચના

**ભૂગર્ભ** ડ્રેનેજ, CCTV અને તળાવના બ્યુટીફિકેશન જેવા પ્રોજેક્ટ્સ પર અગ્રીમતા

ખેરગામ : ખેરગામને આધુનિક અને સુવિધાસભર બનાવવાના ઉમદા હેતુ સાથે 'ખેરગામ મોડર્નાઈઝેશન એન્ડ ડેવલપમેન્ટ કમિટી' (Modeco) ની વિધિવત રચના કરવામાં આવી છે. ગામના અગ્રણીઓની મળેલી મહત્વપૂર્ણ બેઠકમાં સર્વાનુમતે લેવાયેલા આ નિર્ણયને ખેરગામના ઉજ્જવળ ભવિષ્ય માટે એક મક્કમ ડગલું માનવામાં આવે છે.

નવી રચાયેલી કમિટીના પ્રમુખ તરીકે સક્રિય આગેવાન શૈલેષ ટેલરની વરણી કરવામાં આવી છે. ઉપપ્રમુખ તરીકે હર્ષદ આહિર અને જીગ્નેશ પટેલ, જ્યારે મંત્રી તરીકે મુશ્તાન વ્હોરા અને સહમંત્રી તરીકે મહેશ ભાનુશાલીને જવાબદારી સોંપાઈ છે.

કોષાધ્યક્ષ પદે ધર્મેશ ભરૂચા અને ટેક્નિકલ એડવાઈઝર તરીકે રાજુભાઈ મહેતા તથા પ્રશાંત પટેલની નિમણૂક કરવામાં આવી છે. આ ઉપરાંત કોર કમિટીમાં વિજય રાઠોડ, નટુભાઈ પટેલ અને ફારૂક શેખ સહિતના સભ્યોનો સમાવેશ કરાયો છે.

પ્રમુખ શૈલેષ ટેલરે જણાવ્યું હતું કે, છેલ્લા એક વર્ષથી ટીમ દ્વારા ગાંધીનગર ખાતે સતત રજૂઆતો કરી ખેરગામ માટે ભૂગર્ભ ડ્રેનેજ પ્રોજેક્ટ મંજૂર કરાવવા પ્રયત્નો કરાયા હતા, જે હવે સાકાર થવા જઈ રહ્યો છે.

આ કમિટી ડ્રેનેજની કામગીરી દરમિયાન નાગરિકો અને એજન્સી વચ્ચે સેતુ બની પ્રશ્નોનું ઝડપી નિરાકરણ લાવશે. રાજકીય આગેવાનો અને વહીવટી તંત્રના સહયોગથી 'Modeco' ટીમ ખેરગામના સર્વાંગી વિકાસ માટે આશાનું નવું કિરણ બનશે તેવો વિશ્વાસ ગ્રામજનોએ વ્યક્ત કર્યો છે.

### ખેરગામને મોડર્ન ટાઉન બનાવવા અનેક પ્રાથમિકતાઓ નક્કી કરી

- સમગ્ર ગામમાં CCTV કેમેરાનું નેટવર્ક ઊભું કરવું
- સ્થાનિક તળાવનું બ્યુટીફિકેશન અને સોલાર લાઈટ્સની સુવિધા
- પીવાના પાણીની જૂની પાઈપલાઈનનું નવીનીકરણ
- રોડ ડિવાઈડર પર વૃક્ષારોપણ કરી ગામની શોભા વધારવી.

## દાનહ-દમણ-દીવ ગ્રામ પંચાયતોના ઉપ સરપંચની ચૂંટણી 2 એપ્રિલે

દમણ : સંઘપ્રદેશ દાનહ-દમણ અને દીવ ગ્રામ પંચાયતના ઉપસરપંચની ચૂંટણી આગામી તા.2 એપ્રિલના રોજ યોજાશે. દાનહ-દમણ-દીવના ડેપ્યુટી સેક્રેટરી મહિમા તોમર દ્વારા જારી કરાયેલા ઓર્ડર મુજબ 11 નવેમ્બર 2025 ના રોજ પંચાયતના ઉપસરપંચની મુદત પૂર્ણ થઈ જવા પામી હતી. આ અંગે ચૂંટણી પંચ નવી દિલ્હી દ્વારા સત્તાવાર રીતે ગેઝેટ જાહેરનામું પણ પ્રસિદ્ધ કરી દીધું હતું. ત્યારે 2 એપ્રિલ-2026 ના રોજ દાનહની 26, દમણની 16 અને દીવની 2 ગ્રામ પંચાયતના ઉપસરપંચની ચૂંટણી યોજાશે. આ માટે પ્રિસાઈન્ડીંગ ઓફિસરની પણ નિયુક્તિ કરી દેવામાં આવી છે. ત્યારે પ્રિસાઈડીંગ ઓફિસર ચૂંટણીના નિયમોની નિર્ધારીત પ્રક્રિયાઓની જોગવાઈ અનુસાર ગ્રામ પંચાયતની બેઠક બોલાવી ચૂંટણીની પ્રક્રિયાને પૂર્ણ કરશે.

# બીલીમોરા એસટી ડેપોનો મનસ્વી કારભારથી મુસાફરોમાં રોષ

**કાકડવેલ** નાઈટ બસના સમયમાં ફેરફારથી નોકરિયાતો પરેશાન

ઘેજ : ચીખલીના વિવિધ ગ્રામ્ય રૂટો પર દોડતી એસટી બસોના સંચાલનમાં બીલીમોરા ડેપોના મનસ્વી નિર્ણયોને કારણે મુસાફરોમાં રોષ જોવા મળી રહ્યો છે. અગ્રણીઓ અને પ્રતિનિધિઓની રજૂઆતો છતાં ડેપો મેનેજર દ્વારા કોઈ હકારાત્મક ઉકેલ ન આવતા તંત્રની આપખુદશાહી સામે સવાલો ઉઠ્યા છે. મુખ્ય વિવાદ બીલીમોરા-કાકડવેલ નાઈટ બસના સમયને લઈને છે. આ બસ રાત્રે 8:00 કલાકે ઉપડતી હતી, જેનો સમય બદલીને 8:30 કરાયો છે. આ ફેરફારને કારણે સટલ ટ્રેનમાં આવતા મુસાફરોને બસ કનેક્ટિવિટી મળતી નથી, જેનાથી નોકરિયાતો અને મજૂરોને રાત્રે ઘરે પહોંચવામાં હાલાકી વેઠવી પડે છે. અંબાચના સંજયભાઈ અને તાલુકા પંચાયત સભ્ય મહેશભાઈએ જૂનો સમય યથાવત રાખવા માંગ કરી છે. આ ઉપરાંત, ચીખલીથી લીમઝર જતી સવારની 11:20 વાગ્યાની બસ બંધ કરાતા ગ્રામજનો મુશ્કેલીમાં મુકાયા છે. રાનવેરી ખુર્દ ગામે જતી એકમાત્ર બસને પંચાયત કચેરી સુધી લઈ જવાના બદલે એક કિલોમીટર દૂરથી જ વાળી લેવામાં આવે છે. તંત્ર દ્વારા 'ટર્ન' ન લાગવાનું બહાનું ધરાઈ રહ્યું છે, પરંતુ લોકોના મતે ત્યાં મીની બસ માટે પૂરતી જગ્યા ઉપલબ્ધ છે.